# એક નવતર પ્રયાસ

રાષ્ટ્રિય સ્તર ઉપર ભારતની સ્વૈચ્છિક સંસ્થાઓની વચ્ચે જ્ઞાન અને અનુભવના આદાન-પ્રદાન માટે www.novoi.org વેબસાઈટનો શુભારંભ કરતા અમે અત્યંત ખુશી અનુભવીએ છીએ. ભારતની સ્વૈચ્છિક સંસ્થાઓના ગઠબંધન NOVOIની રચના કરવાની દિશામાં આ પહેલું પગલું છે.

આ વેબસાઈટ સરકારી સંસ્થાઓ, વિશેષજ્ઞો, વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો, દાતાઓ, સી.એસ.આર. કંપનીઓ તેમજ સામાજિક કાર્યકરોને માટે એક સેતુની ભૂમિકા બજાવશે. આ વેબસાઈટનો હેતુ સારાં કામો વધુ ફેલાય, જે કામ સફળ ન થયાં હોય તેનું પુનરાવર્તન ન થાય, સામાજિક મુદ્દાઓ પર આમ સહમતિ ઊભી કરી શકાય તેમજ તે અંગે કરવાનાં કામો-ઉપાયો વિશે એક સહિયારું મંચ ઊભું થાય તે છે.

**NOVOI વેબસાઈટની વિશેષતાઓ :**

૦ સૌ વપરાશકર્તાઓ તેનો ઉપયોગ વિનામૂલ્યે તેમજ કોઈ પણ પ્રતિબંધ વિના કરી શકશે.

૦ ગેરસકારી સંસ્થાઓ (NGO) અંગેની માહિતીને માટે આ એક સંપૂર્ણ વેબસાઈટ બની રહેશે. તેમાં બિનસરકારી સંગઠનો, ધન સંસાધન, ઓનલાઈન પુસ્તકાલય, સરકારી નિયમો, મહત્ત્વની ઘટનાઓ, પ્રશિક્ષણ તેમજ ઇન્ટર્નશીપ, રોજગારીની તકો, ઓનલાઈન હેન્ડબુક વગેરે વિભાગો મૂકેલા છે.

૦ વ્યાપક રીતે જોઈએ તો પાયાના સ્તરે વૈચારિક ભૂમિકા માટેની થીંકટેંક પણ બની રહેશે.

૦ આ સાઈટ દ્વારા સામાજિક મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરવા માટેનું એક પ્લેટફોર્મ ઊભું થશે.

૦ વીકીપીડીયાની જેમ આ સાઈટની બધી માહિતીમાં બિનસરકારી સંસ્થાઓ કે વ્યક્તિઓને યોગ્ય પરિવર્તન કરવાની પરવાનગી આપે છે.

વેબસાઈટ પર ડેટાબેસ લોડ કરવાનું કાર્ય એ શરૂઆત માત્ર છે. ચાર વર્ષના અથાગ પ્રયત્નો બાદ જેટલી માહિતી ભેગી કરવાની ગુંજાઈશ છે તેમાંની ૧%થી પણ ઓછી માહિતી ભેગી કરીને તેને અપલોડ કરી શક્યા છીએ. પ્રસ્તુત ઇ-મેઈલ અમે ૭૦,૦૦૦ બિનસરકારી સંસ્થાઓ તેમજ વ્યક્તિઓને મોકલી રહ્યા છીએ.

આ એક મહત્ત્વાકાંક્ષી યોજના છે. તેની સફળતા માટે તમે,

૦ www.novoi.org વેબસાઈટ ખોલીને જુઓ તેમજ તેના પર તમારા વિચાર તેમજ સૂચનો મોકલો.

૦ તમારી સંસ્થાનું ઓનલાઈન ફોર્મ ભરો. આ વેબસાઈટના વિવિધ ભાગો જેમ કે, દાન અંગેની માહિતી, ઈ-લાયબ્રેરી, સ્વૈચ્છિક સંસ્થઓની હેન્ડબુક, પબ્લિક ઇસ્યુ, પ્રસંગો, કાર્યક્રમો, પ્રશિક્ષણ, ઇન્ટર્નશીપ, રોજગારીની તકો વગેરે સહિત કોઈ પણ અન્ય માહિતીમાં આપનું યોગદાન આપી શકો.

૦ આ અંગે રસ ધરાવનાર લોકોને આ ઈમેઇલ ફોરવર્ડ કરીને.

આ યોજનાના આગળના પગલા રૂપે ભારતનાં વિવિધ રાજ્યોના સહકારથી NOVOIને એક સ્વતંત્ર સોસાયટી તરીકે રજિસ્ટર કરવામાં આવશે. આપણે વાદ-વિવાદ અને રાજકારણને બાજુ પર રાખીને માહિતી તેમજ જ્ઞાનની શુદ્ધ આપ-લે કરવાની જ નેમ આ વેબસાઈટ દ્વારા કરવાનો પ્રયત્ન કરીશું.

આ મંચને સફળ બનાવવામાં આપના સંપૂર્ણ અને હાર્દિક સમર્થનની અમે આશા રાખીએ છીએ,

આભાર સહિત, કોશિશ-મિલાપ ટ્રસ્ટ

સંપર્ક : ડૉ. કિશોર મિસ્ત્રી, ૧૦-ગંગાપાર્ક સોસાયટી, પશાભાઈ પાર્ક, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન : ૦૨૬૫-૨૩૩૪૦૪૧. email : info@novoi.org web : www.novoi.org.